# ✱ કલોલ નગર પાલિકા ✱

## ▸▸ કલોલ નગરનો ઈતિહાસ ◂◂

સામાન્યવતઃ પ્રત્યેક નગરની સ્થાપના માટે વિવિધ લોકોકિતઓ કે દંતકથાઓ જોવા મળે છે. આથી આપણે કહી શકીએ કે તેમાં સત્યાંશ કરતાં જે તે સ્થળનું મહત્વ વધારવાનો આશય વિશેષ છે. લગભગ આવો જ પ્રયત્ન કલોલ માટે પણ થયેલો છે.

કલોલના નામકરણ અંગે અને સ્થાપના બાબતે કલાજી રાઓલ વાળી વાર્તા સ્થાનિક પરંપરામાં અત્યંત દ્રઢ થયેલી છે. આ કથાનો સાર આ પ્રમાણે છે.

" ગુજરાત સોલંકી કુળના અધિષ્ઠાતા મહારાજા કર્ણદેવ સોલંકીએ ગુર્જર સેનાને જાતે દોરીને સાબરમતીના તટપ્રદેશ ઉપર આવેલ આશાભીલના નામ ઉપરથી ઓળખાતા " આશાવળ" ગામ પર હલ્લો કર્યો. આશાવળને ચારેબાજુથી ઘેરી લઈ તેનો નાશ કર્યો. મહાન ઋષિવર્ય એવા મહર્ષિ દધિચી મુનીના પ્રાચીન આશ્રમથી પવિત્ર થયેલ આ ભૂમિ પસંદ પડવાથી અહિ તેમણે પોતાના નામ ઉપરથી કર્ણાવતી નગરી વસાવી. તેમની સેનામાં કલોજી રાઓલ નામે એક રાવલ ચાવડો સરદાર હતો. તે ખૂબ જ બાહોશ અને છાતીકાઢો હતો. મહારાજ કર્ણદેવ માટે તે જમણા હાથ સમાન હતો. તેણે આ યુદ્ધમાં ખૂબ જ બહાદુરીથી રાજાને વિજય અપાવ્યો. આથી મહારાજએ ખુશ થઈને ઈનામ આપવાની પોતાની ઈચ્છા જાહેર કરી પહેલાં તો કલાજીએ કંઈ પણ માંગવાની ના પાડી પરંતુ ગુર્જરેશ્વરના અતિ આગ્રહથી તેણે કર્ણાવતીથી થોડે જ દુર સાભ્રમતી નજદીકમાં વૈતરણી નદીના કિનારા ઉપરની જમીન પસંદ કરી મહારાજ કર્ણદેવ આપેલી આ જાગીરની જમીનમાં વૈતરણી નદીના કિનારા પર કલાજી રાઓલે પોતાના નામ પરથી ' કલોલ' નામે ગામ વસાવ્યું. કાળે કરીને આ ગામ ખુબજ આબાદ બન્યુ. આસપાસથી અને દુર દુરથી અનેક વેપારીઓ તથા કારીગરો અહી આવીને વસ્યા અને **કલોલમાં નગરપાલિકાની સ્થાપના ઈ.સ.૧૯૧૧માં કરવામાં આવી.**

## ▸▸ કલોલનું ભૌગોલીક સ્થાન ◂◂

પશ્ચિમ ભારત ગુજરાત રાજયના પાટનગર ગાંધીનગરથી અને જુના પાટનગર અમદાવાદથી અનુક્રમે ૨૫ અને ૩૦ કિ.મીના અંતરે અમદાવાદ દિલ્હી રેલ્વે જમીનમાર્ગ પર આ ઔદ્યાગીક નગર આવેલું છે.

ઉતર ગુજરાતના ગાંધીનગર જિલ્લામાં ૨૩.૧૫ ઉતર અક્ષાંશ અને ૭૨.૨% પૂર્વ રેખાંશ વચ્ચે સ્થિત આ નગર તાલુકા કેન્દ્ર છે. અને જિલ્લાનું મુખ્ય ઔદ્યોગીક નગર પણ છે. ગાંધીનગર, માણસા કડી, મહેસાણા, અને સમીપવર્તી નાનાં મોટા તમામ ગામો કે નગરોથી રેલ્વે કે જમીન માર્ગ વાહન વ્યવહારથી તે સંકળાયેલું છે. તેના આવા સ્થાને લીધે જ આ પ્રદેશના અન્ય ગામો કે નગરોની સરખામણીમાં કલોલનો ત્વરિત વિકાસ શકય બન્યો છે.

## ▸▸ કલોલનો સ્થળ વિસ્તાર અને વસ્તી ◂◂

કલોલ શહેરમાં હાલમાં ૧૭.૨૪ કિ.ચો.મી.નો સ્થળ વિસ્તાર ધરાવે છે. ઈ.સ. ૧૯૬૧ તે માત્ર ૩ ચોરસ માઈલનો જ હતો ઈ.સ.૧૯૬૧ની વસ્તી ગણતરીમાં કલોલની વસ્તી ૩૧,૯૪૦ની હતી. ઈ.સ. ૧૯૮૧ની વસ્તી ગણતરી અનુસાર કલોલની કુલ વસ્તી ૬૯,૯૪૬ની હતી. જે છેલ્લી વસ્તી ગણતરી (૨૦૦૧) મુજબ ૧,૦૦,૦૦૮ છે. તથા છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧–મુજબ સદર કલોલ શહેરની વસ્તી ૧,૧૩,૧૫૩ છે.